**<u>પ્રશ્ન:</u>**શું આપની શાળાની SMC એ બાળકોને શાળામાં ટેકનોલોજીની મદદથી ભણવવા માટે કોઈ પ્રયત્ન કરેલ છે? કયા પ્રયત્નો કરવામાં આવેલ છે? જો કોઈ પ્રયત્ન નથી કરેલ તો કારણ જણાવો.

<u>તારણ:</u>સભ્યોએ આપેલ જવાબ પરથી જાણવા મળે છે કે **36** શાળામાં સભ્યોએ **પ્રયત્નો કરેલ છે.** અને **૧૮** શાળાઓમાં સભ્યોએ **પ્રયત્નો કરેલ નથી.**

**<u>સભ્યો દ્વારા નીચે મુજબના પ્રયત્નો કરવામાં આવેલ છે.</u>**

1. સભ્યોએ ૫૧૦૦૦ આપી શાળામાં પ્રોજેક્ટરવસાવ્યું.
2. કોમ્પ્યુટર લેબ બનાવડાવી.
3. ધોરણ ૧ થી 8 નો તમામ પાઠ્યક્રમ "લેર્નીંગ ડી લાઈટ" નામના સોફ્ટવેરની મદદથી શીખવાડવામાં આવે છે.
4. સભ્યો દ્વારા એક TV આપવામાં આવ્યું છે. જેના દ્વારા BISAGના કાર્યક્રમો બતાવવામાં આવે છે.
5. લોકસહકારથીકમ્પ્યુટરખરીદીનેશિક્ષણમાંઉપયોગ, ઈ-પુસ્તકાલયની સુવિધા પૂરી પાડવામાં આવી.
6. સભ્યોએ પ્રિન્ટર આપેલ છે.
7. સભ્યોએ ગામફાળો એકઠો કરાવ્યો અને શાળામાં કોમ્પ્યુટર અને લેઝર પ્રિન્ટર વસાવી આપ્યું.
8. અંતરીયાળ તાલુકામાં એસ.એમ.સી કમીટી અને ગામના સહયોગથી મલ્ટીમીડીયા રૂમ જેમાં પ્રોજેક્ટરની મદદથી કોમ્પ્યુટર દ્વારા તેમને ગુજરાત શિક્ષણવિભાગના બાયસેગના પ્રોગ્રામ મોટી સ્કીન પર બતાવવામા આવે છે.

**<u>જે શાળામાં પ્રયત્નો નથી કરવામાં આવ્યા તેના કારણો નીચે મુજબ છે.</u>**

1. ટેકનોલોજીનો ઉપયોગ ભણાવવામાં કઈ રીતે થાય તે વિશે સભ્યો અને ગામલોકો અજાણ છે.
2. ગ્રાન્ટ નથી આર્થીક રીતે ગામ સધ્ધર નથી.
3. સભ્યો જાગૃત નથી અને ગામ ફાળો મેળવવામાં નિષ્ફળતા.
4. સભ્યો સરકારની જવાબદારી સમજે છે.
5. બાળકોના સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવામાં આવે છે શાળા ખુબ જ પછાત અને ગરીબ વિસ્તારમાં આવેલ છે.

**સભ્યોના મંતવ્યો મુજબ જાણવા મળે છે જો સભ્યો એકત્ર થઈને પ્રયત્ન કરે તો લોકફાળો એકઠો કરીને શાળામાં કોમ્પુટર ની સુવિધા પૂરી પડી શકાય છે અને બાળકોને ટેકનોલોજીની મદદ થી શિક્ષણ આપી શકાય છે.**